| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૭/૧૦/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખ | ૦૭/૧૦/૨૦૨૩ | | |
| નિર્ણય તારીખ | ૦૩/૦૯/૨૦૨૪ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૧ | ૨૭ |

**મહે. પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ–લીંબડી.**

**રે.દિ.કેસ નં.૩૦૮/૨૦૨૩**
**આંક:–**

પશ્ચિમ ગુજરાત વિદ્યુત કંપની
રજી.હેડ ઓફિસ, રાજકોટ.
બ્રાન્ચ ઓફિસ લીંબડી ગ્રામ્ય પેટા વિભાગ,
લીંબડી, જી.સુરેન્દ્રનગર. ..... વાદી

**વિરુધ્ધ**

મેટાલીયા જીણાભાઈ નરશીભાઈ,
ઉ.વ.આ.પર, રહે.નાના ટીંબલા,
ઠે.રામજી મંદિર પાસે,
તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર. ..... પ્રતિવાદી

**બાબત:–** **દાવો રૂા.૨૨૭૨૫–૧૭ પૈસા ગુજરાત ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબ પાવર ચોરીની રકમ વસુલ મેળવવા.**

---

વાદી તરફે વકીલ શ્રી :– કે. બી. શાહ.
સામાવાળા તરફે :– એક તરફી.

---

**-: <u>ચુકાદો</u> :-**

(૧) સદર કામે વાદી કંપનીનાએ કરેલ દાવા અરજીની ટુંકમાં વિગત એવી છે કે, વાદી ગુજરાત વિદ્યુત બોર્ડ ઈલેકટ્રીકસીટી સપ્યાઈ એકટની કલમ-૫ મુજબ રચાયેલ બોર્ડ હતુ, ગુજરાત ઈલેકટ્રીકસીટી રીઓર્ગેનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન એકટ-૨૦૦૩ અન્વયે ગુજરાત રાજયે ગુજરાત ઈલેકટ્રીકટીસીટી બોર્ડની પુન:રચના કરેલ છે તેમજ ગુજરાત સરકારે આ હેતુ માટે ગુજરાત ઈલેકટ્રીકસીટી ઈન્ડસ્ટ્રીઝ રીઓર્ગેનાઈઝેશન એન્ડ ટ્રાન્સફર સ્કીમ ૨૦૦૩ તથા ગુજરાત ઈલેકટ્રીકસીટી એન્ડ કોમ્પ્રેસીવ ટ્રાન્સફર સ્કીમ ૨૦૦૩ના નોટીફીકેશન બહાર પાડેલ છે. આ કાયદા તથા નોટીફીકેશન નીચે ગુજરાત વિદ્યુત બોર્ડની તમામ મિલ્કતો જવાબદારીઓ કાર્યવાહી લેણુ દેણુ જુદી-જુદી કંપનીની રચના થતા સુરેન્દ્રનગર જીલ્લાની બોર્ડની કચેરીનુ પશ્ચિમ વિજ કંપની લી.નુ ટ્રાન્સફર કરવામા આવેલ છે. જેથી ઉપર જણાવેલ રકમ વાદીને ટ્રાન્સફર થયેલ હોય દાવાવાળી રકમ પ્રતિવાદી પાસે વસુલ લેવા વાદી હકકદાર છે. વાદી કંપનીની મુખ્ય ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે અને ગ્રામ્ય સબ ડીવીઝન, લીંબડી મુકામે આવેલ છે. પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નહી હોવા છતા ડાયરેકટ વીજ જોડાણ કરી બીનઅધિકૃત રીતે પાવર ચોરી કરતા હોય વાદી કંપનીના ચેકીંગ અધિકારીઓએ તારીખ ૦૧/૦૨/૨૦૨૩ ના રોજ ચેકીંગ કરતા વાદી ૧૧૨૨ વોટ લોડ વાપરતા ગેરકાયદેસર રીતે પકડાયેલ છે. વાદીએ પ્રતિવાદીને રૂ.૨૦૭૬૪-૯૬ પૈસાનુ પાવરચોરીનુ બીલ મોકલેલ જે બીલની રકમ ભરી જવા જણાવેલ પરંતુ પ્રતિવાદીએ ભરેલ નહી. પ્રતિવાદીને બીલ ભરપાઈ કરવા માટે વારંવાર લેખીત જાણ કરવામા આવેલ તેમ છતા ભરેલ નહી જેથી લીગલ નોટીસ આપેલી તેમ છતા નાણા ભરવાની દરકાર કરેલ નહી. આમ, લેજર મુજબ પ્રતિવાદી પાસે રૂ.૨૦૭૬૪-૯૬ પૈસા બીલના લેણા છે તથા ખાતામા જણાવ્યા મુજબ ડી.પી.સી. ચાર્જના રૂ.૧૯૬૦-૨૧ પૈસા મળી કુલ રૂ.૨૨૭૨૫-૧૭ પૈસા લેણા નીકળે છે જેથી વાદી બોર્ડના નિયમ મુજબ ૧૮% ના ચડતા વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ કરી શકાય તેવુ વાદીના લાભમા અને પ્રતિવાદી સામે હુકમનામુ કરી આપવા વાદીએ હાલનો દાવો કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીને નોટીસ કરવામા આવેલ જે નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજવા છતા પ્રતિવાદી જાતે અગર વકીલશ્રી મારફત કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે વાદીના દાવાનો કોઈ જવાબ રજુ કરેલ ન હોય કે કોઈ રીપોર્ટ આપેલ ન હોય, પ્રતિવાદી વિરૂધ્ધ એક તરફી કામ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે વાદી તરફથી નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૦૭ | હિતેષભાઈ મુળજીભાઈ સુતરીયા નું સરતપાસનું સોગંદનામુ. |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૦૯ | ચેકીંગ શીટ |
| ૨. | ૧૦ | રોજકામ |
| ૩. | ૧૧ | એનેક્ષર–૪ |
| ૪. | ૧૨ | એ.બી.સી.ડી. ફોર્મ્યુલા મુજબની કેલ્કયુલેશન શીટ |
| ૫. | ૧૩ | પુરવણી બીલનો ફોરવર્ડીંગ લેટર |
| ૬. | ૧૪ | વીજ અધિ.કલમ–૧૩૫ મુજબનું પુરવણી બીલ |
| ૭. | ૧૫ | પ્રતિવાદી સામે વીજ ચોરી દાખલ કરવા અંગેનો પત્ર |
| ૮. | ૧૬ | પ્રતિવાદી સામે વિજચોરીની ફરીયાદ |
| ૯. | ૧૭ | પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ |
| ૧૦. | ૧૮ | નોટીસનુ પરત આવેલ કવર |
| ૧૧. | ૧૯ | પ્રફોર્મા–૧૨ |
| ૧૨. | ૨૦ | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ |

| | | |
|---|---|---|
| ૧૩. | ૨૧ | સાઈટ વેરીફીકેશન |

**(૪)** આ કામે વાદી તરફથી આંક–૨૨ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે, તથા વાદી તરફેના વિ. વકીલશ્રી ની દલીલ સાંભળવામાં આવેલ છે જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

**(૫)** સદરહું દાવાના ન્યાયીક નિર્ણય સારુ આંક–૦૬ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

**:: મુદ્દાઓ ::**

| | |
|---|---|
| ૧ | શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીમાં જણાવેલ રકમ વાદીની કાયદેસરની લેણી રકમ પ્રતિવાદી પાસે બાકી પડે છે અને તે પ્રતિવાદી પાસે વસુલ મેળવવા હકકદાર છે? |
| ૨ | શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર છે? |
| ૩ | શું વાદી દાવા અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૪ | શું હુકમ અને હુકમનામુ ? |

**(૬)** ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. હકારમાં.
૩. અંશતઃ હકારમાં.
૪. આખરી હુકમ મુજબ.

// **કારણો** //

**મુદ્દા નં. ૧ ની ચર્ચા :–**

**(૭)** વાદી તરફેથી આંક–૧ ની દાવા અરજીને પુરવાર કરવા સારૂ આંક–૦૭ થી વાદી સંસ્થાના જવાબદાર કર્મચારીને તપાસવામાં આવેલા છે અને જેઓએ દાવા અરજી તેમજ આંક–૦૯ થી ૨૧ ના રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને સમર્થન કરતો સોગંદનામા પર પુરાવો આપેલ છે તેમજ આ વાદી સંસ્થાના કર્મચારીની પ્રતિવાદી તરફે કોઈ ઉલટ તપાસ

કરવામાં આવેલ નથી જેથી વાદી તરફેથી કરવામાં આવેલ દાવાની વિગતે બીલની રકમ રૂ.૨૦૭૬૪–૯૬ પૈસા બીલના લેણા છે તથા ખાતામા જણાવ્યા મુજબ ડી.પી.સી. ચાર્જના રૂ.૧૯૬૦–૨૧ પૈસા મળી કુલ રૂ.૨૨૭૨૫–૧૭ પૈસા વાદી સંસ્થાના બાકી લેણા પડે છે જે હકિકતને આ કામના પ્રતિવાદી ધ્વારા પડકારવામા આવેલ ન હોય, તે હકિકતે વાદી સંસ્થાનો પુરાવો નહી માનવાને આ અદાલતને કોઈ કારણ નથી. અત્રે એ હકીકત નોંધવી આવશ્યક છે કે વાદી સંસ્થા ધ્વારા રજુ કરવામા આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને પ્રતિવાદી ધ્વારા પ્લીડીગ્સના માધ્યમથી કે ઉલટતપાસના માધ્યમથી સદરહું પુરાવાનુ ખંડન કરેલ નથી. વધુમા પ્રતિવાદી ધ્વારા વાદી સંસ્થા ધ્વારા રજુ પુરાવાના અનઅસ્તિત્વ બાબતે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો તેઓના પુરાવાના તબકકે પણ રજુ કરેલ નથી. આમ વાદી ધ્વારા રજુ કરવામા આવેલ તેમના પ્લીડીગ્સના સમર્થનકારક મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો એ અખંડીત પુરાવો છે અને જે અખંડીત પુરાવાના માધ્યમથી અત્રેની અદાલતને એ હકીકત માનવાને કારણ છે કે પ્રતિવાદી ધ્વારા અનઅધિકૃત વિજ પુરવઠાનો ઉપયોગ કરી દાવા અરજીમા જણાવેલ રકમનુ નુકશાન થયેલ હોવાનુ સાબીત થયેલ હોય. જેથી ઉપરોકત તમામ ચર્ચાને અંતે વાદી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચા :–</u>**

(૮) ઉપરોકત તમામ મુદ્દાઓની કરેલ ચર્ચા અન્વયે વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાની રકમ મેળવવા હકકદાર ઠરે છે જેથી પ્રતિવાદીની જાતવહ મિલ્કતથી વસુલ મેળવવાનું હુકમનામુ કરવા પાત્ર આ કેસ જણાય છે. વધુમાં સદર કામમાં વાદી કંપનીએ પ્રતિવાદી પાસેથી લેણી નીકળતી રકમ ઉપર ૧૮% ના વ્યાજની માંગણી કરેલ છે. સી.પી.સી કલમ ૩૪ વંચાણે લેતા વાદી કંપની કોમર્શીયલ પ્રવૃતી કરતી હોય, વાદી કંપનીને બેન્ક રેઈટ કરતા વધુ વ્યાજ આપી શકાય નહી. પરીણામે વાદી કંપનીને પ્રતિવાદી પાસે લેણી રકમ ઉપર ૬% વ્યાજ અપાવવુ યોગ્ય વ્યાજબી અને ન્યાયોચીત જણાતુ હોય, મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૩ ની ચર્ચા :–</u>**

(૯) આ કામે વાદી કંપની તરફથી પ્રતિવાદી વિરુધ્ધ દાવો દાખલ કરી, દાવા મુજબની દાદ માગવામાં આવેલ છે, જે અનુસંધાને ઉપરોકત કરેલ મુદ્દાઓની ચર્ચા તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં જણાઈ આવે છે કે, વાદી કંપની તરફથી તેમની દાદ મુજબ રૂા.૨૨૭૨૫–૧૭ ની રકમ પર વ્યાજની માંગણી કરેલ છે તે મુજબ વાદી કંપની વાર્ષિક ૬% લેખે વ્યાજ મેળવવા હકકદાર થતા હોઈ, સદરહું મુદ્દાનો જવાબ અંશત:હકારમાં આપી, મુદ્દા નં.૪ પરત્વેનો આખરમાં જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–// <u>હુ ક મ</u> //–**

૧. વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી લેણી નીકળતી રકમ રૂા.૨૨૭૨૫–૧૭ પૈસા (અંકે રૂપિયા બાવીસ હજાર સાતસો પચીસ અને સતર પૈસા) પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલ્કતથી વસુલ મેળવવા હકકદાર ઠરાવવામાં આવે છે અને જે રકમ દાવા તારીખથી વસુલ થતા સુધી ૬% પ્રમાણે વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર ઠરાવવામાં આવે છે.

૩. દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત પોતાનો જાતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

ઉપરોકત હુકમ આજરોજ તા.૦૩, માહે : સપ્ટેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

લીંબડી.
તા.૦૩/૦૯/૨૦૨૪

( **એમ.બી.બાજપાઈ** )
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
લીંબડી.જી.જે.૦૦૭૨૦.